# ઘૂંટાઈને જીવવું એ લગ્નજીવનનો કોઈ હિસ્સો ન હોઈ શકે

રવિવારની સવાર હતી. ઘરમાં બધું સામાન્ય હતું, સિવાય કે નમ્રતાના ચહેરા પરની એ જ ઉદાસી. પતિ રાજેશ અખબાર વાંચવામાં અને મોબાઈલમાં વ્યસ્ત હતો. નમ્રતા તેની સામે બેસીને ચાની ચૂસકીઓ લેતી હતી. મનમાં કેટલીય વાતો હતી, પણ વર્ષોથી જે વ્યક્તિ સામે દિલ ખોલીને વાત કરવાની આદત હતી, એ જ વ્યક્તિ હવે તેની વાત સાંભળવામાં રસ ધરાવતી નહોતી. તેમ છતાં તે રાજેશને એકીટશે નિહાળી રહી હતી. તે ઈચ્છતી હતી કે રાજેશ ચામાં કંપની આપે અને તેની સાથે થોડી વાતો કરે. પરંતુ રાજેશ પેપરમાં ખૂંપી ગયો હતો.

આખરે મૌન તોડતાં હળવા સ્વરે તે બોલી કે, “આજે ક્યાંક બહાર જઈએ? કેટલાય દિવસથી ઘરની બહાર ક્યાંય ગયા નથી.” રાજેશે અખબારમાંથી નજર પણ ઊંચી ન કરી અને કહ્યું કે, “મારે બહુ કામ છે. તારે જવું હોય તો કોઈને લઈને જતી રહેજે.” આ બહુ સામાન્ય વાત હતી, પણ નમ્રતા માટે એ દિલ નોચી નાખનારી બાબત હતી. રાજેશની જિંદગીમાં પોતાનું કોઈ સ્થાન ન હોવાનો અહેસાસ તેનું આ રુક્ષ વર્તન તેને કરાવતું હતું. તે વિહ્વળ થઈ ગઈ. એ જ સમયે તેની દીકરી નૈશી રૂમમાંથી બહાર આવી. તેણે માતાના ચહેરા પરની નિરાશા જોઈ. તે સમજી ગઈ કે ફરી તેના ડેડીએ તેની માતાની લાગણીઓ દુભવી હતી. તેને સમજાતું નહોતું કે જે સ્ત્રીએ આખું જીવન પરિવાર માટે વિતાવ્યું, તે આજે પોતાના જ ઘરમાં આટલી એકલી કેમ છે? જે વયે તે હવે થોડી નિવૃત્ત છે, ત્યારે થોડો સાથ-સહકાર કે ક્વૉલિટી ટાઈમ પસાર કરવા ઈચ્છે છે તો ખોટું ક્યાં છે?

નૈશીએ માતાને પોતાની પાસે બેસાડી.

“મમ્મી, એક વાત પૂછું? તું પપ્પા સાથે ખુશ નથી, તારી વાત સાંભળનાર કોઈ નથી, તને ક્યાંય બહાર જવું હોય તો પણ તારે એમની ઈચ્છા પર આધાર રાખવો પડે છે. તો શું તારે આખી જિંદગી આમ જ જીવવાનું?” નમ્રતા તરત બોલી, “બેટા, આ ઉંમરે હવે શું કરવાનું? તારા પપ્પા આવા જ છે. હવે આદત પડી ગઈ છે.”

નૈશીએ માતાનો હાથ પકડી લીધો. “મમ્મી, આદત પડી ગઈ છે એટલે દુઃખ સહન કરવું જરૂરી નથી થઈ જતું. હું એવું નથી કહેતી કે તું પપ્પા સાથેનો સંબંધ તોડી નાખ. એક પત્ની કે માતાનું ટેગ જ શું હવે તારું અસ્તિત્વ છે? તું પણ બહાર જા, કોફી પર જા, મૂવી જોવા જા. હું એટલું જ કહું છું કે તારી પોતાની જિંદગી સાથેનો સંબંધ તો ન તોડ.”

આ શબ્દો નમ્રતાના હૃદયમાં ઊતરી ગયા. નમ્રતા ચૂપ હતી. કદાચ પહેલી વાર કોઈએ તેને તેની જવાબદારીઓની યાદ અપાવવાને બદલે તેની પોતાની જરૂરિયાતો વિશે વિચારવા કહ્યું હતું. દીકરીએ માતાને માત્ર સલાહ ન આપી, એક નવો રસ્તો બતાવ્યો હતો.

નૈશીએ આગળ કહ્યું, “તું કોઈની પત્ની છે, મારી માતા છે, પણ તું પોતે પણ એક વ્યક્તિ છે. તને પણ મિત્રોની જરૂર પડી શકે, તને પણ કોઈની સાથે મનની વાત કરવાનું મન થઈ શકે, તારી પણ વાત કોઈ મન દઈને સાંભળે, તને પણ હસવું, ફરવું, નવી વસ્તુઓ શીખવી અને જીવનનો આનંદ માણવો ગમી શકે. આ બધું કરવા માટે તારે કોઈની અવગણના સહન કરવાની રાહ જોવાની જરૂર નથી. ડેડીનો સાથ હશે તો જ તું સારી જિંદગી જીવી શકીશ, એ ખ્યાલ હવે જરીપુરાણો છે. અહીં સંબંધોને અવગણો તેવું કહેવાનો જરાપણ આશય નથી.



નૈશીએ તેની મમ્મીને કહ્યું કે, “તું પણ કોફી પર જા, મૂવી જોવા જા

**ઓહ! ઇટ્સ કોમ્પ્લિકેટેડ**

★ રીના બ્રહ્મભટ્ટ

“પરંતુ જે તમને સમજતા નથી કે સમજવા જ માગતા નથી, તેમના પર ફોકસ કર્યા વગર તમારી જિંદગીને આગળ વધવાનો ચાન્સ આપવાનો તમને ચોક્કસ અધિકાર છે. તમે તેમનો સાથ ઝંખો છો, પણ તેઓ સાથ નથી આપતા તો શું તમે તેની સજા પોતાને આપશો? ઘર અને તમારી જવાબદારીઓ અવશ્ય સંભાળો, પણ સાથે તમને પણ સંભાળો. તમે પણ તમારી ફરજ છો. એકલતા આ યુગની મોટી સમસ્યા છે.”

બાય ધ વે, નૈશીએ માતાને મોબાઈલમાં કેટલીક એપ્સ બતાવી. તેણે સમજાવ્યું કે આજે એવી સામાજિક એપ્સ અને ઑનલાઈન સમુદાયો પણ છે, જ્યાં સમાન ઉંમરના લોકો નવા મિત્રો બનાવી શકે છે, વાતચીત કરી શકે છે અને પોતાના અનુભવો વહેંચી શકે છે.

જેમાં Evergreen Club અને Marzi જેવી એપ્સ ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે સામાજિક જોડાણ અને મિત્રતાની તકો આપે છે. જ્યારે Meetup પર પોતાની રુચિ પ્રમાણેના સામાજિક જૂથો શોધી શકાય છે. જોકે, દરેક જગ્યાએ સભ્યોનો હેતુ એકસરખો હોય એવું નથી અને દરેક એપમાં માત્ર માનસિક સાથ માટે જ લોકો હોય એવું પણ નથી. નૈશીએ વધુમાં પોતાની મમ્મીને કહ્યું કે, “તારે કોઈની સાથે પ્રેમસંબંધ જ બાંધવો પડે એવું નથી. ક્યારેક માત્ર એક સારો મિત્ર પણ જીવનમાં મોટો ફરક લાવી શકે છે. કોઈ એવો, જે તારી વાત સાંભળે, તારા વિચારો સમજે અને તારી સાથે સામાન્ય વાતો કરી શકે. તું ઈચ્છે તો મહિલાઓના જૂથથી શરૂઆત કર. તારા શોખ પ્રમાણેના કાર્યક્રમોમાં જા. ધીમે ધીમે નવા લોકોને મળ.”

શરૂઆતમાં નમ્રતાને સંકોચ થયો. આ ઉંમરે નવા મિત્રો બનાવશે તો લોકો શું કહેશે? પતિને ગમશે કે નહીં? સમાજ તેને કેવી નજરે જોશે? પણ પછી તેણે પોતાની જાતને એક સવાલ પૂછ્યો: “હું આખી જિંદગી બીજાઓ શું વિચારશે એ જ વિચારતી રહીશ તો મારા મનનું શું?”

એ દિવસથી નમ્રતાએ નાનાં પગલાં ભરવાનું શરૂ કર્યું. પહેલાં નૈશી સાથે કૅફેમાં જવાનું શરૂ કર્યું. પછી પોતાની ઉંમરની મહિલાઓના એક સામાજિક જૂથમાં જોડાઈ. ત્યાં કોઈને રસોઈનો શોખ હતો, કોઈને વાંચવાનો, કોઈને પ્રવાસનો તો કોઈને માત્ર પોતાની વાતો વહેંચવાની ઈચ્છા હતી. ધીમે ધીમે નમ્રતાને સમજાયું કે એકલતા માત્ર ઘરમાં એકલા હોવાનું નામ નથી. ક્યારેક જીવનસાથી બાજુમાં બેઠો હોય, છતાં મન સાવ એકલું હોય છે. અને ક્યારેક નવા લોકો સાથેની એક નાનકડી વાતચીત પણ મનમાં ફરીથી જીવંત રહેવાની ઈચ્છા જગાવી શકે છે.

હવે રાજેશ બદલાય કે ન બદલાય, તેને કોઈ ફરક પડતો ન હતો, કેમ કે તે બદલાઈ હતી. નમ્રતા હવે તેની દરેક અવગણનાને પોતાની કિંમત સાથે જોડીને જોતી નહોતી. તેણે પોતાની ખુશીઓ માટે બીજાની મંજૂરીની રાહ જોવાનું થોડું ઓછું કર્યું હતું. નૈશીએ માતાને પતિથી દૂર જવાનું નહીં, પોતાની જાતની નજીક આવવાનું શીખવ્યું હતું.

બદલાતી પેઢી સંબંધોની નવી વ્યાખ્યા લખી રહી છે! એક સમય હતો જ્યારે મહિલાઓને સમજાવવામાં આવતું કે લગ્નજીવનમાં ગમે તેવી પરિસ્થિતિ હોય, ઘર સાચવવું એ જ તેમની સૌથી મોટી જવાબદારી છે. પોતાની ઈચ્છાઓને માન આપવાને બદલે એકલતા સહન કરવી અને પતિના સ્વભાવને જિંદગીનો હિસ્સો માની લેવો એ જાણે સામાન્ય બાબત હતી. પરંતુ આજે નવી પેઢી પોતાની માતાઓને એક અલગ દૃષ્ટિકોણથી જીવન જોવાનું શીખવી રહી છે.

આનો અર્થ એ નથી કે દરેક મતભેદમાં લગ્નજીવન છોડી દેવું જોઈએ કે પતિ-પત્નીના સંબંધનું કોઈ મહત્ત્વ નથી. સંબંધોમાં સંવાદ, સમજણ અને સુધારાનો પ્રયાસ જરૂરી છે. પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ સતત અવગણના અનુભવે, ત્યારે પોતાની માનસિક શાંતિ અને સામાજિક જોડાણ માટે પણ જગ્યા બનાવવી જરૂરી છે. ૫૦, ૬૦ કે ૭૦ વર્ષની ઉંમર જીવન પૂરું થવાનો સંકેત નથી. આ ઉંમરે પણ નવી મિત્રતા થઈ શકે છે, નવા શોખ વિકસી શકે છે, પ્રવાસ કરી શકાય છે અને પોતાના મનની વાત સાંભળે એવા લોકો મળી શકે છે. આજે આ સમસ્યા ક્યાંક સ્ત્રીઓની તો ક્યાંક પુરુષોની પણ છે. ઑનલાઈન દુનિયા ક્યાંક શ્રાપ લાગે છે તો ક્યાંક એકલતાના અભિશાપમાંથી મુક્તિ અપાવતું માધ્યમ પણ છે. જોકે, ઑનલાઈન મિત્રતા શરૂ કરો તો પણ સાવચેતી રાખવી. પોતાની અંગત માહિતી કે નાણાં અજાણ્યા લોકોને ન આપવા, તેમની ઓળખ ચકાસવી અને પ્રથમ મુલાકાત જાહેર સ્થળે રાખવી. કારણ કે આજે માનસિક સાથની જરૂરિયાત કોઈ એક ઉંમર, લિંગ કે સંબંધ પૂરતી મર્યાદિત નથી.

**તને પણ મિત્રોની જરૂર પડી શકે, તને પણ કોઈની સાથે મનની વાત કરવાનું મન થઈ શકે, તારી પણ વાત કોઈ મન દઈને સાંભળે, તને પણ હસવું, ફરવું, નવી વસ્તુઓ શીખવી અને જીવનનો આનંદ માણવો ગમી શકે**

અને સૌથી મહત્ત્વની અહીં વાત...

દીકરી હંમેશાં માતા પાસેથી જ જીવન જીવતાં શીખે એવું નથી હોતું. ક્યારેક દીકરી પણ માતાને શીખવી શકે છે કે માતા બનતાં પહેલાં અને પત્ની બન્યા પછી પણ તેની પોતાની એક જિંદગી છે. એક સમયે ઉંમર વધુ હોય તે જ પરિપક્વ ગણાતું, પણ હવે આજની જનરેશન નવા વિચારો, નવી તાજગી સાથે વ્યક્તિગત આઝાદીના ખ્યાલ સાથે આગળ વધી રહી છે. અહીં પોતાની આઝાદી સાથે કોઈ બાંધછોડ કરવા ઈચ્છતું નથી. એકલતા દૂર કરવાના ઉપાયો પણ છે. ત્યારે ઉંમર ગમે તેવી હોય અને સ્ત્રી હોય કે પુરુષ, ઘૂંટાઈને કેમ જીવવું? આ નવો વિચાર છે... નવું સમન્વય છે... નવાં સમીકરણો છે... અહીં એક સાંજની કોફી પણ એક ડેટ બની જાય છે... મનને તરબતર કરી નાખે છે. જેમાં સંબંધો નિર્દોષ પણ હોઈ શકે છે.

પરિપક્વતા અને પરંપરાઓ નિભાવવાના નામે આજે પણ ૫૦ વર્ષની આસપાસની સ્ત્રીઓને પ્રેમ અને માન-સન્માન ન મળે તો પણ તેઓ એ બધું સમજીને ચલાવી લે છે કે હવે સમાજ શું કહેશે? પતિ મને સમજે કે ન સમજે, ગણે કે અવગણે, પત્ની અને માતા તરીકેની ફરજ તો નિભાવવાની જ છે!

પરંતુ તાજી હવાની લહેરખી જેવા વિચારો ધરાવતી આજની દીકરી પોતાની માતાને પણ પોતાના શોખ, ખુશીઓ અને પ્રેમ સાથે જીવવાની આઝાદી શીખવી શકે છે. આ નવા યુગની નવી સવાર છે, જ્યાં સ્ત્રી-પુરુષ વચ્ચેની પરંપરાગત સીમાઓ ક્યારની ઓગળી ગઈ છે. અહીં વ્યક્તિગત આઝાદીનું મહત્ત્વ છે. તમારી ફરજો નિભાવો, પણ પોતાની જાતને પણ ચાહો. પરિવારની ખુશીનો વિચાર કરો, પણ એ પરિવારની ખુશીમાં તમે ક્યાં છો, એ સવાલ પણ પૂછો. આ યુગની દીકરી પોતાની માતાને આ પણ શીખવી શકે છે. વડીલો જ શીખવે અને નવી પેઢીએ માત્ર શીખવાનું, એ પરંપરાગત મંત્ર પણ હવે જૂનો થઈ રહ્યો છે.